# અધ્યાય ૩૨

## ગુરુમહિમા-વર્ણન

**શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરુભ્યો નમઃ ।**
**શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ ।**
**શ્રી સદ્દગુરુસાઈનાથાય નમઃ ।**

***ઉપોદ્દઘાત :*** *આ સંસાર પીપળો અશ્વત્થના વૃક્ષ જેવો છે; જેનાં મૂળ ગીતા કહે છે તેમ ઊંચે છે અને ડાળીઓ નીચે છે. અને તે ઉપરનીચે બધે ફેલાયેલી છે; તેનું પોષણ ગુણ વડે થાય છે, જેનાં કુંપળિયાં ઇન્દ્રિયોના વિષયો છે; જેનાં કર્મરૂપ મૂળિયાં આ જગત સુધી લંબાયાં છે, તેનું રૂપ, તેનો આદિ-અંત, તેનો આદર એ કશું જ આ જગતમાં જાણી શકાતું નથી. આ દઢ મૂળવાળા અશ્વત્થને વૈરાગ્યરૂપી તીક્ષ્ણ કુહાડાથી કાપ્યા પછી માણસને પ્રગતિનો માર્ગ દેખાય છે, જે પર ચાલતાં તેને કદી પાછું ફરવું પડતું નથી.*

*આ માર્ગ કાપવા સદ્દગુરુની સહાયની અવશ્ય જરૂર પડે છે. ગમે તેવો વિદ્વાન અગર વેદ-વેદાંગનો ઊંડો અભ્યાસી પણ ધારેલ સ્થળે સલામત પહોંચી શકતો નથી. તેને સત્ય માર્ગદર્શન માટે તથા સહાય અર્થે લોભિયો હોય તો જ માર્ગમાં આવતા ખાડા-ટેકરા અગર હિંસક પશુનાં વિઘ્ન નડતાં નથી અને બધું સરળ બને છે. આ વિષયમાં બાબાએ એક કથા કરી હતી, જે સાચે જ આશ્ચર્યજનક છે; જેનું શ્રવણ કરવાથી શ્રદ્ધા-ભક્તિ-મુક્તિ સર્વ પમાય છે.*

***બાબાએ કહેલી કથા :*** *એક વાર અમે ચાર જણ ધાર્મિક શાસ્ત્રો તથા અન્ય ગ્રંથોનો અભ્યાસ કરતા હતા. અભ્યાસના બળે અમે બ્રહ્મના સ્વભાવની ચર્ચા કરવા લાગ્યા. અમારામાંનો એક બોલ્યો : ''આપણે આત્મા વડે આત્માનો ઉદ્ધાર કરવો જોઈએ. અન્યના ઉપર આધાર ન રાખવો જોઈએ.'' ત્યારે બીજાએ કહ્યું, ''મન પર સંયમ રાખનાર જ સુખી થાય છે. તેથી આપણે કશા ચિંતનની જરૂર નથી. સંસારમાં આપણા સિવાય બીજું કંઈ નથી.'' ત્યારે ત્રીજાએ કહ્યું, ''સંસાર*

સદા બદલાયા કરે છે; માત્ર નિરાકાર જ શાશ્વત છે. તેથી આપણે સત્યાસત્યનો વિવેક કરવો જોઈએ.'' છેવટે ચોથા જણે, મેં ભાર દઈને કહ્યું : ''પુસ્તકિયું જ્ઞાન નકામું છે. આપણે આપણો ધર્મ બજાવવો અને ગુરુચરણમાં દેહ-મન-પંચપ્રાણ સમર્પિત કરવાં જોઈએ. ગુરુ જ સર્વવ્યાપક પ્રભુ છે; જેની ખાતરી માટે અપાર દઢ શ્રદ્ધાની જરૂર છે.''

આવી ચર્ચા કરીને અમે ચારે વિદ્વાનો જંગલમાં ગુરુની શોધમાં રખડવા લાગ્યા. પેલા ત્રણને તો કોઈની સહાય વિના સ્વતંત્ર બુદ્ધિથી આ શોધખોળ કરવી હતી.માર્ગમાં એક વણઝારો મળ્યો. તેણે કહ્યું, ''હવે તો બપોર થઈ ગયા છે. તમારે કેટલે દૂર, ક્યાં જવું છે?'' અમે ઉત્તર દીધો, ''જંગલમાં તપાસ કરવા.'' પેલાએ પૂછ્યું, ''તમે શાની તપાસ કરવા નીકળ્યા છો?'' અમે તેને અર્થહીન ઉડાઉ જવાબ આપ્યો. પણ આમ અમને નિરર્થક રખડતા જોઈ તેને દયા આવી. તે બોલ્યો: ''આ જંગલ કેવું છે તે પૂરું જાણ્યા વિના તમારે ફાવે તેમ ન રખડવું જોઈએ. આવી ઝાડી ને જંગલમાં જનારે તો પોતાની સાથે ભોમિયો લેવો જોઈએ. આવા ખરા બપોરે વગર કારણે તમે નકામા શા સારુ હેરાન થાઓ છો? તમારી ગુપ્ત શોધની ભલે તમે મને વાત ન કરતા. પણ તમે બેસો, રોટલા જમો, પાણી પીઓ, આરામ કરો અને પછી જજો. દિલમાં સદા સબૂરી-ધીરજ રાખો.'' તેણે તો આ સર્વ પ્રેમથી કહ્યું હતું. પણ અમે તેની વિનંતી ઠોકરે મારીને ચાલી નીકળ્યા. અમારે બીજાની સહાયની જરૂર નથી, અમે બધું સંપૂર્ણ જાણીએ છીએ એવું અમે માનતા હતા. એ વિશાળ જંગલ કેડી કે માર્ગ વગરનું હતું. ઊંચાં ઘટાદાર મોટાં ઝાડની ડાળીઓમાં સૂર્યકિરણ પણ જમીન પર આવી શકતાં નહોતાં. તેથી અમે માર્ગ ભૂલ્યા અને લાંબો વખત આમતેમ ખૂબ ભટક્યા. અંતે અમારા સારા નસીબે અમે જ્યાંથી ઉપડ્યા હતા તે સ્થળે જ પાછા આવ્યા. પેલો વણઝારો અમને પુનઃ મળ્યો અને તેણે ફરીથી કહ્યું, ''તમારી પોતાની હોશિયારી પર વિશ્વાસ રાખવાથી તમે તમારો માર્ગ ભૂલ્યા. નાનીમોટી દરેક બાબતમાં સાચો માર્ગ બતાવનાર ભોમિયાની આપણને સદા જરૂર છે. ભૂખ્યે પેટે કંઈ શોધ કે કામ સફળ થઈ શકતું નથી. માર્ગમાં ઈશ્વરની ઇચ્છા વિના આપણને કોઈ મળતું નથી. કોઈ જમવાનું આમંત્રણ દે તો તે કદી પાછું ઠેલવું નહિ. પીરસેલા ભાણા પરથી કદી ઊઠી જવું નહિ. કોઈ ભોજન કે રોટલો આપણને



આપે તો તેને ફત્તેહનું મંગળ ચિહ્ન ગણવું.'' આટલું બોલી તેણે અમને શાન્તિ-ધીરજ રાખવાની સલાહ દીધી અને જમવા બેસવા કહ્યું. આ સલાહ કે આતિથ્ય અમને કંઈ ગમ્યાં નહિ. તેથી ફરીથી આ આમંત્રણનો નિરાદર કરી અમે ચાલી નીકળ્યા. પેલા ત્રણ જણ તો ખાધાપીધા વિના ચાલવા લાગ્યા. તેઓ નક્કી હતા. પણ હું ભૂખ્યો-તરસ્યો હતો. આ વણઝારાના અસામાન્ય પ્રેમથી હું પીગળી ગયો. અમે અમારી જાતને વિદ્વાન માનતા હતા પણ અમને દયા કે માયાની મુદ્દલ ગમ નહોતી. સાવ અભણ અને ગુણહીન નીચી જાતના વણઝારાના અંતરમાં પ્રેમ હતો. તેથી જ તેણે અમને રોટલા ખાવા બોલાવ્યા હતા. વિનાસ્વાર્થ બીજા પર પ્રેમ રાખનારા જ સાચા વિદ્વાન છે. તેના આતિથ્યનો સ્વીકાર કરવો એ જ જ્ઞાનપ્રાપ્તિનો ઉત્તમ પ્રારંભ છે એમ મેં માન્યું. તેથી મેં તો આદરથી તેણે આપેલ રોટલાનો સ્વીકાર કર્યો. હું જમ્યો અને પાણી પીધું.

પછી તો ત્યાં એકાએક ગુરુ આવ્યા અને અમારા સામે જ ઊભા. તેમણે પૂછ્યું : ''શાની તકરાર ચાલતી હતી?'' એટલે જે બન્યું હતું તે સર્વ મેં કહી સંભળાવ્યું. ત્યારે ગુરુ બોલ્યા, ''તમે મારી જોડે આવશો ? તમારે જે જોઈએ તે હું તમને બતાવીશ. પણ હું જે કંઈ કહું તેમાં જેને શ્રદ્ધા હશે તે જ સફળ થશે.'' પેલા ત્રણ જણે તો તેમનું કહેવું માન્યું નહિ અને જતા રહ્યા. પણ મેં તેમને પૂજ્યભાવથી વંદન કર્યું અને તેમની આજ્ઞા સ્વીકારી. પછી ગુરુ મને એક કૂવા પર લઈ ગયા. દોરડાથી મારા પગ બાંધ્યા અને કૂવાના કાંઠે ઊભેલા ઝાડ પરથી મને કૂવામાં ઊંધો લટકાવ્યો. પાણીથી ત્રણ ફૂટ ઊંચો રાખ્યો; જેથી મારા હાથ પાણી સુધી પહોંચે નહિ; કે મારા મોઢામાં પાણી પેસે નહિ. આમ લટકાવીને તે તો ચાલી ગયા. તે ક્યાં ગયા તેની કોઈને ખબર નહોતી. દસ-બાર ઘટક (ઘટક=પાંચેક કલાક) પછી ગુરુ પાછા આવ્યા અને મને બહાર કાઢીને પૂછ્યું, ''તને કેવું લાગ્યું?'' મેં ઉત્તર દીધો, ''હું તો પરમ આનંદમાં હતો. મેં અનુભવેલા આનંદનું વર્ણન મારા જેવો મૂર્ખ ક્યાંથી કરી શકે?'' મારો આ ઉત્તર સાંભળીને ગુરુ બહુ રાજી થયા. મને નજીક ખેંચ્યો અને મારો વાંસો થાબડ્યો. મને પોતાની જોડે લીધો. જેમ મા પોતાના બચ્ચાની સંભાળ રાખે તેવા પ્રેમથી મારી સંભાળ રાખતા હતા. તેમણે મને શાળામાં પલોટ્યો. કેવી સુંદર એ શાળા હતી ! ત્યાં હું માતાપિતાને ભૂલી ગયો. મારા સર્વ

રાગ-મોહ તોડી નાંખ્યા. હું સહજમુક્ત બન્યો. મને એમ થતું કે તેમને ગળે બાઝી પડીને તેમની સામું સદા જોયાં જ કરું. જ્યારે મારી આંખની કીકીઓમાં તેમની પ્રતિમાનો પડછાયો ન દેખું ત્યારે અંધ બનવું મને ઠીક લાગતું. આવી એ શાળા હતી ! તેમાં એક વાર પણ પ્રવેશ કરનાર કદી ખાલી હાથે પાછો ફરતો નહિ; મારા ગુરુ જ મારું સર્વસ્વ ઘરબાર, માતાપિતા સર્વ કંઈ બન્યા. મારી દરેક ઇન્દ્રિય પણ પોતાનાં સ્થાન છોડી જાણે મારી આંખોમાં જ કેન્દ્રિત થઈ ગઈ હોય એમ લાગતું. કેમ કે મારી દૃષ્ટિ મારા ગુરુ પર જ સદા કેન્દ્રિત થયેલી હતી. આમ ગુરુ મારા ધ્યાનમૂર્તિ બન્યા. બીજું કંઈ હું જાણતો નહોતો. તેમનું ધ્યાન ધરતાં મારાં મનબુદ્ધિ સમાધિમાં પડી જતાં. આમ શાન્ત બની મેં તેમને પ્રેમથી પ્રણિપાત કર્યા.★

"કેટલીક સંસ્થાઓમાં તદ્દન ભિન્ન ચશ્માં જ વપરાય છે. જ્ઞાનપ્રાપ્તિ માટે ત્યાં શિષ્યો જાય છે તથા મહેનત, સમય, ધન વગેરે બધું ખર્ચે છે; પણ અંતે પસ્તાવો થાય છે. ત્યાં ગુરુ પોતાનું ગુપ્ત જ્ઞાન તથા સીધા સરળ માર્ગની બડાઈ હાંકે છે. ધાર્મિકતા તથા ચારિત્ર્યનો ડોળ કરે છે પણ અંતરમાં મુદ્દલ દયા હોતી નથી. આત્મદર્શનને નામે તો ત્યાં મીંડું હોય છે. તેમને જ તે થયેલું હોતું નથી. આવી સંસ્થાઓ શિષ્યોને શા કામની છે ? એથી તેમને લાભ શું થાય ? ઉપર વર્ણવ્યા તે તો જુદા પ્રકારના ગુરુ છે. તેમની કૃપાથી જ મને કશા પ્રયત્ન કે અધ્યયન વિના જ આત્મદર્શન થયું. મારે ક્યાંય શોધવા જવું પડ્યું નહિ. પણ દરેક વસ્તુ સૂર્યપ્રકાશ જેટલી મને સ્પષ્ટ દેખાઈ. નીચે મસ્તક અને પગ ઊંચે એવા ઊંધા મસ્તકની રીત દ્વારા સુખ આપવાની રીત તો મારા ગુરુને એકલાને જ જ્ઞાત હતી."

"પેલા ચારમાંનો એક કર્મઠ હતો. જે ક્યાં વિધિવિધાન પાળવા તથા ક્યાં છોડી દેવાં એટલું જ જાણતો હતો. બીજો જ્ઞાની હતો, જે જ્ઞાનના ગર્વથી ફુલાઈ ગયો હતો. ત્રીજો ભક્ત હતો. તેણે ઈશ્વરનું સંપૂર્ણ શરણ સ્વીકારી લીધું હતું અને ઈશ્વર જ કર્તાહર્તા છે એમ માનતો હતો. બધા વાદવિવાદમાં પડી ચર્ચા કરવા લાગ્યા. ત્યારે ઈશ્વર વિષેનો પ્રશ્ન ઊઠ્યો અને કોઈની સહાય વિના પોતાના જ જ્ઞાન પર આધાર રાખીને એઓ ઈશ્વરની શોધમાં નીકળી પડ્યા."



વિવેક તથા વૈરાગ્યના અવતાર સમા સાઈ આ ચારમાંથી એક હતા. પોતે જ બ્રહ્માનો અવતાર હોવાથી કોઈ પ્રશ્ન કરશે કે 'પેલા ત્રણ જણા સાઈબાબા જોડે ભળીને આવી મૂર્ખતા જ કેમ આચરતા હતા ?' સમાજના લોકોના કલ્યાણ અર્થે અને બીજાને અનુસરવાના દૃષ્ટાંત ખાતર જ આ સર્વ તેમણે કર્યું હતું. પોતે ઈશ્વરાવતાર હતા. તોપણ અન્ન-બ્રહ્મની દૃઢ માન્યતાથી વણઝારાના રોટલા ખાઈ તેનું માન રાખ્યું હતું. વણઝારાનું આતિથ્ય સ્વીકારવાની ના પાડવાથી પેલા ત્રણ કેવા દુ:ખી થયા તથા ગુરુ વિના જ્ઞાનપ્રાપ્તિ કેવી અસંભવિત છે તે તેમણે અહીં બતાવ્યું છે. માતાપિતા તથા ગુરુને માન આપવાની તથા પવિત્ર ધાર્મિક શાસ્ત્રોના અધ્યયનની શ્રુતિ (તૈત્તિરીય ઉપનિષદ) આજ્ઞા ફરમાવે છે. ચિત્તશુદ્ધિનાં તે સાધન છે. ચિત્તશુદ્ધિ વિના આત્મદર્શન થતું નથી. ઇન્દ્રિયો-મન-બુદ્ધિ આત્મા સુધી પહોંચી શકતાં નથી. દાર્શનિક તથા આનુમાનિક જેવાં પ્રમાણ આ વિષયમાં આપણને સહાય કરતાં નથી. ત્યાં તો ગુરુકૃપા જ જરૂરી છે. ધર્મ-અર્થ-કામ સ્વપ્રયત્ન વડે સાધ્ય છે પણ મોક્ષ તો ગુરુની સહાયથી જ મળે છે.

સાઈબાબાના દરબારમાં ઘણા લોકો આવતા. જોશીઓ આવી ભવિષ્ય જોવા પ્રયત્ન કરતા. રાજાઓ, અમીર-ઉમરાવ, નિર્ધન લોકો, સંન્યાસીઓ, યોગીઓ, ગાયકો તેમજ અન્ય લોકો બાબાના દર્શનાર્થે આવતા. મહાર (ઢેઢ) પણ આવીને બાબાને જુહારા કરતા ને કહેતા કે 'સાઈ તો માબાપ છે ને જન્મમરણના ફેરા ટાળે છે.' આંધળા, લૂલા, લંગડા, બજાણિયા, નાથપંથી, નૃત્યકારો તથા કંઈક કળા જાણનારા બધા બાબા પાસે આવતા. બાબા સૌની કદર કરતા. ઉપર કહ્યું તેમ યોગ્ય સમયે વણઝારો પણ આવ્યો અને ભાગ્યમાં લખેલું કામ પણ તેણે કર્યું. હવે ચાલો બીજી કથા કહીએ.

**શ્રીમતી ગોખલે અને ઉપવાસ :** બાબા કદી ઉપવાસ કરતા નહિ કે બીજાને ઉપવાસ કરવા દેતા નહિ. તો પછી તેને પરમાર્થપ્રાપ્તિ ક્યાંથી થાય ? ભૂખ્યા પેટે પ્રભુપ્રાપ્તિ થતી નથી. પ્રથમ તો આત્માને સંતોષવો જોઈએ. પેટમાં, જઠરમાં ખોરાકનું સત્ત્વ ન હોય તો કયા ચક્ષુથી તેને જોઈ શકશું, કઈ જીભથી તેનાં ગુણગાન ગાશું ? કયા કાનથી તેના ગુણનું શ્રવણ કરશું. ટૂંકમાં, દેહનાં દરેક અંગને

પૂરતું પોષણ મળે અને દેહ સ્વસ્થ હોય ત્યારે જ ભક્તિ અને બીજી સાધના થઈ શકે છે. તેથી ઉપવાસી રહેવું અગર અકરાંતિયા બનીને જમવું તે સારું નથી. દેહને તથા મનને બન્નેને ખાનપાનમાં મિતાહાર જ આરોગ્યપ્રદ છે.

બાબાની એક ભક્ત શ્રીમતી કાશીબાઈ કાનેટકર પાસેથી ભલામણપત્ર લઈને શ્રીમતી ગોખલે શિરડી દાદા કેળકરને ઘેર આવ્યાં. ત્રણ દિવસ ઉપવાસી રહી બાબાના ચરણે બેસવાનો નિશ્ચય કરીને તે આવ્યાં હતાં. આગલે જ દહાડે બાબાએ દાદા કેળકરને કહેલું, ''આ હોળી (શીમગા)ના તહેવારમાં હું બાળકોને ઉપવાસ નહિ કરવા દઉં. તેમને શા માટે ભૂખ્યા રહેવું પડે ? હું અહીં બેઠો છું, શા વાસ્તે?'' બીજે જ દિવસે દાદા કેળકર જોડે એ બાઈ આવી નમસ્કાર કરી બાબાના ચરણ પાસે બેઠી. તરત જ બાબાએ કહ્યું, ''ઉપવાસ કરવાની કઈ જરૂર છે? દાદા ભટને ઘેર જા અને પુરણપોળી બનાવી છોકરાને ખવડાવ અને તું પણ ખાજે.'' હોળીના તહેવાર ચાલતા હતા. શ્રીમતી કેળકર તે વેળા માસિક ધર્મમાં દૂર બેઠાં હતાં. તેથી દાદા ભટના ઘરે કોઈ રસોઈ કરે તેવું નહોતું. બાબાની આ આજ્ઞા સમયસરની હતી. એથી શ્રીમતી ગોખલેને દાદા ભટને ત્યાં જવું પડ્યું અને આજ્ઞા મુજબ રસોઈ કરવી પડી. બધાંને જમાડી પોતે પણ જમી. કેવી બોધક કથા !

**બાબાના સરકાર :** બાબાએ પોતાના બાળપણની નીચેની વાત કહી હતી. ''હું બાળક હતો ત્યારે રોટલાની શોધમાં ભટકતો-ફરતો બીડગામ ગયો. ત્યાં મને સારું ભરતકામ મળ્યું. મેં ખૂબ કામ કર્યું. મારામાં મુદ્દલ આળસ નહોતી. મારા શેઠ બહુ રાજી થયા. મારી અગાઉ બીજા ત્રણ છોકરા કામ કરી ગયા હતા. પહેલાને પાંચ રૂપિયા, બીજાને સો રૂપિયા અને ત્રીજાને દોઢસો રૂપિયા માસિક મળતા હતા અને મને એ ત્રણે કરતાં બમણું વેતન મળતું હતું. મારી હોશિયારી જોઈ મારા શેઠ મારા પર પ્રેમ રાખતા અને મારી પ્રશંસા કરતા. મને પૂરો પોષાક-માથે પાઘડી તથા ખભે રાખવાના ખેસ સાથેનો પોષાક આપી મારું સન્માન કર્યું હતું. મેં આ પોષાક અકબંધ જ રાખ્યો. માણસ જે આપે છે તે દીર્ઘકાળ ટકતું નથી અને તે અપૂર્ણ જ હોય છે એવું હું માનતો હતો. પણ મારા સરકાર ઈશ્વર જે આપે છે તે અનંત



કાળ સુધી ટકે છે. ગમે તેવા મોટા માણસ પાસેથી મળેલી ભેટ પણ ઈશ્વરની ભેટ જોડે સરખાવી શકાય જ નહિ. મારા સરકાર કહે છે, ''લે, લે.'' પણ મારી પાસે તો દરેક જણ આવી કહે છે, ''દે, દે.'' હું કહું છું તે કોઈ ધ્યાનથી સાંભળતું નથી. મારા સરકારનો ભંડાર ભરપૂર ભરેલો છે અને ઊભરાઈ જાય છે. હું બધાને કહું છું, ''ખોદી જુઓ અને ગાડાંનાં ગાડાં ભરીને ઉપાડી જાઓ. વિરલ માતાના ભાગ્યશાળી પુત્રોએ આ ધન વડે પોતાનું ઘર ભરી દેવું જોઈએ. મારા ફકીરની, મારા ભગવાનની કળા-લીલા, મારા સરકારના ભાવ સાવ ન્યારા જ છે. મારા માટે શું? દેહની માટી, માટી સાથે મળી જશે અને શ્વાસ હવા જોડે મળી જશે. આવો સમય ફરી ફરીને નહિ આવે. હું જ્યાં જાઉં છું ને જ્યાં બેસું છું ત્યાં નિર્દય માયા મને બહુ હેરાન કરે છે. તે છતાં માણસોની ચિંતા સદા મને રહે છે. આધ્યાત્મિક પ્રયત્ન કરનારાઓને તેનાં સુફળ મળશે. જે કોઈ મારાં વચનો સ્મરણમાં રાખશે તે અમૂલ્ય સુખ પામશે.''

**સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્તહેમાડપંતવિરચિતે**
**શ્રી સાઈસમર્થસચ્ચરિત્રે 'ગુરુ મહિમા વર્ણન'**
**નામ બત્રીસમો અધ્યાય સંપૂર્ણ**
**। શ્રી સદ્‌ગુરુસાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।**